નામ ધ્રાંગધ્રાનરેશ મહારાણા શ્રી ઘનશ્યામસિંહજી
મહારાજાશ્રિ૧

આર્ય નીતિદર્શક નાટક સમાજ.

ઇંદ્રાવતી

નાટક—ગાયનો.

છપાવી પ્રસીદ્ધ કરનાર

એમ. એન. એન્ડ પીતલવાલા—માલેકો

ધી રસુલ પ્રીન્ટીંગ પ્રેસ બાહારકોટ ભાજીપાલા લેન—મુંબઇ.

પ્રીંટર—રસુલજી ગુલામહુસેન.

આવૃતી ૧ લી

ઇ. સ. ૧૯૧૩

વા. ૨૭-૧-

કીંમત રૂા૦ ૦-૨-૦ (બે

વિજ્ઞપ્તિ.

આ નાટક લખવામાં, ભાવનગર સ્ટેટના પોલીસ સુપ્રીટેન્ડેટ--મારા માનવંતા મુરબ્બી વિશ્વનાથભાઇ રણછોડજીભાઇ જોશીએ, મને સંપુર્ણ મદદ આપી છે, તે માટે હું તેમનો આ સ્થળે અત્યંત આભાર માનું છું.

લી૦ સદાનો આભારી.

એમ૦ બી૦ નંદવાણા.

શ્રીમાન ધ્રાંગધ્રાનરેશ મહારાણા શ્રી ઘનશ્યામસિંહ
મહારાજાશ્રિત

શ્રી આર્ય નીતિદર્શક નાટક સમાજ.

ઇંદ્રાવતી

નાટક—ગાયનો.

છપાવી પ્રસીદ્ધ કરનાર

એમ. એન. એન્ડ પીતલવાલા—માલેકો

ધી રસુલ પ્રીન્ટીંગ પ્રેસ બાહારકોટ ભાજીપાલા લેન—મુંબઇ.

આવૃતી ૧ લી પ્રત ૨૦૦૦

ઇ. સ. ૧૯૧૩ વિ. સ. ૧૯૬૯.

તા. ૨૭-૧-૧૯૧૩

કીંમત રૂા૦ ૦-૨-૦ (બે આના)

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષ વર્ગ.

કલ્યાણસિંહ ... ... મર્હુમ મહારાજા ઉદયસિંહનો કુમાર અને ઈંદ્રાવતીનો સ્વામી,

કુલિન સિંહ ... ... ઉદયસિંહનો ખુની કલ્યાણસિંહનો કાકો નવરંગપુરનો નવો રાજા

ગંભિર સિંહ ... ... કુલિન સિંહનો આશ્રિત સરદાર, કલ્યાણ સિંહનો પાળક, માનસિંહ ઇંદ્રાવતીનો પીતા

માનસિંહ ... ... ગંભિરસિંહનો કુમાર.

એમ૦ સી૦ રાવ સાહેબ ... કુલિનસિંહની મહેરબાનીથી કુંદનકિલ્લાનો પ્રતિનિધી.

વલ્લભ ... ... રાવ સાહેબ એમ૦ સી૦ નો પુત્ર, કલ્યાણ સિંહનો કંપેનીયન

અમથો ... ... વલ્લભનો ઓરમાન ભાઈ

વિજયશંકર ... ... શાન્તિનો સ્વામી

કૃષ્ણલાલ ... ... રાવસાહેબ એમ૦ સી૦ નો આશ્રીત માન-સિંહનો કંપેનીયન રતિનો આશક

જખરો }
ઝાલિમ } ... ... બહાદુર લુટારા ભિલ સરદાર.

સ્ત્રી વર્ગ

ઇંદ્રાવતી ... ... ગંભિર સિંહની પુત્રી, કલ્યાણ સિંહની પાછળથી થનાર સ્ત્રી.

વિરમાળા ... ... ઇંદ્રાવતીની નવિ માતા

ચંદ્રમાળા ... ... કુલિનસિંહની પાટરાણી

રતિ ... ... વલ્લભ–શાન્તિની અપરમાતા, અમથાની સગી માતા.

શાન્તિ ... ... એમ૦ બી૦ ની પુત્રી, વલભાની બ્હેન.

સુશિલા ... ... કૃષ્ણલાલની નમાઇ પુત્રી ઇંદ્રાવતીની સહચરી પાછળથી વલ્લભની થનાર સ્ત્રી.

ડાકણ ઉર્ફે યમુનાં ... કલ્યાણસિંહને બચાવી આડકતરી રીતે તેનું ભલું કરતાં ઉદયસિંહની વફાદાર દાસી,

આ શિવાય રૂહ, વારાંગના, સખીયો, સિપાઇઓ, વીગેરે વીગેરે,

ॐ

सतसत परमात्मने नमः

ઇંદ્રાવતી નાટકનો ટુંક સાર

નવરંગપુર રાજયના કુંદન કિલા નિવાશી મહારાજા ઉદયસિંહ તથા તેની રાણી રાજબાનું ઉદયસિંહના નાનાભાઇ કુલિનસિંહે, રાજ્ય લોભની ખાતર મીશતર એમ૦ સી૦ રાવ સાહેબ જેવા નિચ નોકરોની મદદથી કાવતરૂં રચિ ફરેબી અને દગાથી ખુન કર્યાં અને ભવિષયમાં પણ ભિતીનો વખત ન આવે એ વિચારથી મહારાજા ઉદયસિંહના એકના એક બાળકુમાર કલ્યાણ સિંહનું પણ ખુન કરવાનું ધ્રઢ કરી છુપી રીતે કુંદન કિલા અંદરના મહેલપર મધરાતના દરોરો પાડયો પણ બાળ કુમારનૂં આજ રાત્રે કુલિનસિંહની મલિન અને ખુની વૃતિથી ખુન થવાનું છે એવી બાતમી ઉદયસિંહની વિશ્વાસુ દાસી યમુનાને મળી અને તેથી પોતાના એકના એક પુત્રના ભોગે બાળ કુમાર કલ્યાણને છુપી રીતે લઇ કુંદન કિલામાથી છટકી ગઇ. આમ થયાથી કુલિનસિહ તથા તેની નિચ કાવતરા બાજ ટોલી યમુનાની પાછળ પડી. કેટલીક મજલ કાપ્યા પછી ભયાભિત થયેલી યમુનાં. પાછળ પડેલાની નજર ચુકાવી કલ્યાણસિંહ સમેત મહાન નદિના કિનારાપર પુરાણા રાયણના ઝાડની પોલમાં છુપાઇ ગઇ. શોધ કરતા કરતા પાછળ પડેલા કાવતરા બાજ, યમુના કલ્યાણસિંહ સમેત તે

ઝાડમાં છુપી રીતે નરાધ બેઠી છે એવું જાણીને તેઓ ત્યાં આવ્યા પરન્તુ, ઝાડ નજીકની જગ્યો સહી સલામત જેવી ન હોવાથી દુર ઉભા રહી બની શકે તેટલી યમુનાને ત્યાંથી નીકળવા અને કલ્યાણને સોંપી દેવા શય દમ અને લાલચથી સમજાવી પણ યમૂનાં પોતાની મકમતામાં ખબરદાર રહી. આખરે કલ્યાણ સહિત યમુનાને બાળી મુકવાની મતલબે તેરાયણના ઝાડને આગ લગાડી ઝાડને બળતું જોઈ જીવ ઉપર આવી યમુનાએ કલ્યાણ સમેત નદીમાં ઝંપલાવી દીધુ નદિ વીશાળ અને ક્રુરજળ ચર પ્રાણીથી ભરેલી છે એટલે તે યમુંનાકલ્યાણ સહીત જળચરનો ભોગ અવશ્ય થવાની છે. એવું સમજીને નિર્ભયપણની કાવતરાંબાજ ટોળી સાથે ખુની કુલિનસિંહ કુંદનકિલે આવ્યો અને પુર આનંદની સાથે રાજ્યા ભિષેકની ક્રીયા કરી નવરંગ પુર રાજ્યનો સ્વતંત્ર રાજા થયો, કેટલીક મુદત બાદ મરહુમ મહારાજા ઉદયસિંહ અને રાણી રાજબાનાં રૂહો કુંદન કિલ્લાની અંદર પ્રગટ થતાં રહી કુલિન સિંહને ભયાનક દેખાવથી ડરાવા અને ત્રાસ આપવાં લાગ્યાં આખરે તેના ત્રાસથી કંટાળી કુંદન કિલ્લાને અભાવે કુલિન સિંહે બીજા મહાલમાં અકનવિન કિલ્લો બંધાવી ત્યાં નિવાસ કર્યો અને કુંદન કિલાની રક્ષા માટે પોતાના પ્રતિ નિધી તરીકે રાવસાહેબ એમ૦ સીવ ની નિમણુક કરી કરી.

ઇશ્વર કૃપાથી દૈવિ સાધનની મદદ વડે કલ્યાણ સમેત યમુના નદિ માંથી સહિસલામત જીવતી નિકળી કુલિનસિંહની ચાલુ ભયથી ભટકતી સ્થીતિમાં પોતાનું અને કલ્યાણસિંહનું વય લબાવવા લાગી, આખરે ભટકતી દશામાં કલ્યાણસિંહને ઉછેરવાનુ નાપસંદ કરી મનહરપુર રાજ્યના ક્ષત્રિ વિર પણ સંતાન વિહુન સરદાર ગંભિર સિંહના મકાનના ઓટલા ઉપર મધ્યરાત્રીના સમયે વિતક પત્રીકા એક તાવીજની અંદર પેક રીકતે તાવિતપર " આ તાવિત પુત્રને અલ્લા બલ્લાથી મુકત કરનાર છે"

એવા અક્ષર કોતરાવી તે તાવીત કલ્યાણની કોટે બાંધી મુકી પોતે અદ્રશ્ય થઇ અને અદ્દશ્ય રીતે હવેથી જીંદગી સુધી આડકતરી રીતે કલ્યાણની હિત શેવા સંભાળ કરતાં રહેવાનું પસંદ કરી જાહેરમાં એક ડાકણ તરિકે ઓળખાઇ અને અસ્થીર પણે રહેવા લાગી.

કલ્યાણસિંહ નિરાધાર બાળક તરિકે અનાયાસે પોતાને ત્યાં આવ્યો એટલે તેને પુત્રવત સંતાનહિન ગંભિરસિંહે સ્વિકારી ઉછેર્યો.

કલ્યાણસિંહ આવ્યા પછી ગંભિરસિંહની નવીરાણીને એક કુમાર માનસિંહ અને કુવરિ ઇંદ્રાવતી એમ બે સંતાન અવતર્યો અને તે ત્રણેને અભેદ વૃતિથી પુરતી કાળજીથી ઉછેરી કેળવણી આપી અને તે ત્રણે બાળકો પણ એકજ પીતાનાં છે એવા ખ્યાલથી બાંડરૂ તરિકે રહેવા માંડયાં

વખત વિતતાં મનહર પુરના રાજ્ય કરતાની દવેશિલા પટાવતોની ખટપટથી સરદાર ગંભિર સિંહનાપર ઇતરાજી થઇ એટલેગ ભિરસિંહને તે રાજયનો આશ્રો અનાયાસે છોડવો પડયો, ત્રણે બાળક સ્ત્રી, અને શેવક વર્ગ સહિત ગંભિરસિંહ દેશાટન કરતો કુલિન સિંહને ત્યાં આવી ચડયો અને કુંવરિ ઇંદ્રાવતીને દેખી ભવિષ્યમાં ઇદ્રાવતીને પોતાની રાણી કરવાની લાલચમાં લોભાઇ બાહરથી ઉદારવૃતિદાખવી ગંભિરને પોતાના સરદારનુ પદ આપી માનમરતબાથી એકવડા સરદાર તરીકે કુંદન કિલાના રાજય મહેલમાં સ્વતંત્રરીતે રાખવાની મરજી બતાવી અને ગંભિરસિંહે પણ વર્તમાન સ્થીતિનો વિચાર કરી તે કબુલ્યુ અને કુટંબ સહિત કુંદન કિલાના રાજય પ્રતિનિધી રાવ સાહેબ એમ○ ગ્રી○ ની મુસદ્દી મદદ સરકારી સ્વતંત્ર સતાથી નિવાસ કર્યો ડાકણ તરિકે ઓળખાતી યમુનાં પણ કલ્યાણ સિંહની આડકતરી રીતે સંભાળ રાખવા ખાતર ભટકતી દશામાં તે કિલા નજીક આવી રહી,

આટલી બિનાં બની ગયા પછી આ નાટકની શરૂવાત થાય છે.

અંક ૧ લો.

"બાળાની ઇશ્વર સ્તુતી"

પ્રવેશ ૧ લો—કુંદન કીલ્લા નજીકના જંગલમાં માનસિંહ કલ્યાણુસિંહ તથા ઇંદ્રાવતી સાથે ફરવા આવે છે એકાએક કલ્યાણુસિંહ તથા ઇંદ્રાવતીને પાછળ મુકી માનસિંહ શીકાર માટે જાનવર પાછળ દોડી જાય છે, ઇંદ્રાવતીની ચીંતા, કલ્યાણુસીંહ તેણીને શાંત કરવી અવાજની સાથે મરહુમ મહારાજા માનસીંહનું અને રાણિ રાજબાનું એમ બન્ને રૂપ પ્રગટ થાય છે રૂહને જોઇને કલ્યાણસીંહ તથા ઇંદ્રાવતી મુરછા પામે છે મુંરછીત પડેલા બનેનો રૂહો હસ્ત મેલાપ કરી એકટીગથી આશીરવાદ આપે છે, ડાકણ યમુનાં આવી તે દેખી હર્ષીત બની સ્વગત રહે છે. રૂહો અદ્રષ્ય થાય છે યમુંના પોતાનુ સહેજ ઓલખ આપી પુનઃ સ્વગત રહે છે. મુરછામાંથી કલ્યાણસીંહ ઇંદરાવતીનુ વિરકત થવુ સ્વપનામાં મહાનદેવે મારા તમારા વચે દંપતીનો સબંધ બાંધી આપી હસ્ત મેલાપ કરાવ્યો એવું મુરછામા સ્વપનું આવ્યું તેનું ઇંદ્રાવતીને સ્મરણ થવુ કલ્યાણુસિંહ પણ પોતાને સ્વપનું આવ્યાનુ સુચવવું સ્વપનામાં હસ્ત મેલાપ થયો તે ઇશ્વર ઇચ્છા અનુકુલ છે. એવું માની પોતાનો હાથ કબુલ કરવા ઇંદ્રાવતીએ કલ્યાણુ સિંહને આગ્રહ કરવો. કલ્યાણુસિંહનુ ના કબુલ થવું અને યોગ્યા યોગ્ય તથા લોક વાણીના ડરનો વિચાર બ પરો ઇંદરાવતીની મકમતા ડાકણ આવી તેમ કરવા કલ્યાણુસિંહને ફરજ પાડી લાચારીથી કલ્યાણુસિંહે કબુલવું, ડાકણનું જવું બનેનું પ્રથમ પ્રેમદરશન શિકારમાંથી પાછા આવી માનસિંહનુ તે જોઇ અજબ થવું (ટેબલો)

પ્રવેશ ૨ જો—રાવસાહેબ એમ. સી, અને તેની અંગ્રેજી ભણી ફેશનમાં ફાંફા મારી રહેલ નવી સ્ત્રી રતીની સુધરેલી રીતભાત અને ફેશન લીલા એમ સી, ના અ શ્રોત અને પોતાનીજ મેહરબાનીના પ્રસાદે માન સિંહના ચાંપેનીયન તરીકે રહેવું કૃષ્ણલાલનુ આવવું. બંને વચ્ચે નીમક હરામ બનવાની મસલત દરમ્યાન કલ્યાણસિંહનું આવવું પોતાના મતમાં મળવા કલ્યાણસિંહને બનેનો આગ્રહ કલ્યાણનો ધિકાર કલ્યાણેલેણે જવું ધિકારનાર કલયાણને ઉતારી નાખવાની તક મેળવવા નકી કરવું. બાદ કુલી નસીંહ હવા બદલ કરવા કુંદન કીલામાં આવ્યા છે તેની પધરામણી નામી તનો નજરાણા દરબાર ગંભિરસિંહને ત્યાં ભરવાનો છે અને તે તઇયારી સબબ ગભિરસિંહ બોલાવે છે એવા ખબર લઇ સેવકનું આવવું. ઘણી મુદત થયા ઇદ્રાવતાનો હાથ કબુલ કરવા ગંભિરસિંહ સામેથી અજીજી કરે એવો પ્રયાશ કરવા પોતાને કુલીનસીંહનીં મકમ ભલામણ [ફરમાન) છે અને તે ભલામણ પ્રમાણે ગંભિરસીંહને ત્ર હિત રીતે શુભેચ્છકપણે સલાહ આપી નજરાણા દરબાર વખતેજ ગભીરપાસે કૂલીનસીંહની હજુરમાં નમ્રતા પુર્વક અરજ કરાવવી છે એવું કૃસ્ણલાલને જણાવી કૃસ્નલાલ સહિત એમ, સી. નું જવુ.

પ્રવેશ ૩ જો—કુંદન કીલામાં ભવ્યરાજ મેહલ છે છતા પણ હવા બદલ કરવા આવેલા મહારાજા કુલીનસીંહ ત્યાં નહી ઉતરતાં જનાના સહિત જુની છાવણી ઇભી કરાવી રહયા તેનું શું કારણ ? એ મતલબની ગંભીરસીંહની એમ, સી. રાવબહાદુરના પુત્ર અને કલયાણસીંહના કંપેયન તરીકે પોતાને ત્યાં રહેતાં વગમ સગે વાતચીત ઉતરમાં કીલામાં કોઇના રૂહ થાય છે અને તે તેમને બીવરાવે છે એમ કીલા નીવાસી લોકોમાં બોલાય છે, એવું જાહેર કરવુ કૃષ્ણલાલ સાથે રાવ સાહેબ એમ, સી નું આવવુ ને નજરાણાની ક્રીયા પુરણ થયે ઇંદ્રાવતીનો હાથ સ્વિકારવાની

કુલીનસીંહ હજુર આજીજી કરવા મતલબની સુભેચ્છકપણે એમ, સી, એ. સલાહ આપવી કુલિનસિંહ પરણેલ છે એટલે શોકયનો સંતાપ જાણ્યા છતાં પણ પુત્રી ત્યાં આપવી તે સતપીતાને ઘટીત નથી એવું ગંભિરે કહેવું, પરિણામે તેની માગણી કરવાનું ગંભિરે સ્વિકારવું માનસિંહનું આવી જંગલમાં કલણસિંહ ઈંદ્રાવતી

નાં જોયેલાચિત્ર માટે કલ્યાણસિંહની કડવાશ રજુ કરવી કલ્યાણ કોઇ સંર કુળીગ્માત્મા છે એટલુંજ નહી. પણ મનુષ્યમાં હેવા જોઈએ તે સઘળા ગુણો કલ્યાણમાં છે એવું તેના બચપણથીજ જાને અનુભવેલું વર્તન ચદલાવી કડવાશ ગંભિરે નહીં કબુલવી, પ્રસંગે જોઇ કૃષ્ણલાલ તથા એમ. સી. નું કલ્યાણસિંહની ખરાબ ચાલમાટે માનસિંહની વાતમાં મજબુતી આપવી વશેશ વલ્લભના મુખેથી પણ કલયાણ સિંહના નિચ વર્તણુંક છે એવુ કહે વરાવવા પીતા તરીકે વલભને ગર્ભીત દબાણ પીતાની નિચતા અને કલ્યાણસિંહના સદ્વર્તનના અનુંભવો વલભે " નરોવા કુંજરવા " કહ્યું અને પોતાની ટેવને ધીકરવી વાતના પરિણામે કલ્યાણને રૂબરૂ બોલાવી ઠપકો આપવા ગંભિરનો વિચાર અને તેમ કરવાનો આ પ્રસંગ નથી એવું એમ. સી. નું કહેવું માનસિંહના આગ્રહથી સ્વકુટંબના મેમ્બર તારીકે નહી પણ આજથી કલયાણ સિંહને નોકરની પદવીએ રાખવાનું ગંભિરે ભોળે ભાવે ફરમાન કરવુ, કુલિનસિંહની પધરામણી નજરાણો ધરવાની ક્રીયા.

વારાંગનાઓનો નાચ—નાચ થયા પછી એમ૦ સી૦ એ ઈંદ્રાવતીનો હાથ કબુલ કરવા ગંભિર તરફથી કુલિનસિંહની હજુર વિનતી રજુ કરવી ગંભિરના માન ખાતર ને કબુલ કરી ચલ્લા કરવા શુભ મુહુર્ત પર મુલતવી રાખવુ, બદ મિજાસરદારોનુ આ મત્રણાથી અકળવુ બેડકના માટે મન દુઃખ મિલાનું અપમાન—અપમાન થવાથી પોતાના કર્તવ્યની ઓળખ જણાવી

બદલો વાળવાના ધખારામાં ચાલ્યા જવું તેના ગયા બાદ તેના કર્તવ્યની પ્રસંશા કરી કુમાર માનસિંહે તેનું અપમાન કર્યું તે તજું ઝેર લઘું છે એમ સભાનો પસ્તાવો, કમનિયાન અપમાન પામેલા ભીલ સરદારો ઇંદ્રાવતી નજર બાગમાં સખી સાથે આનંદ લેતી હતી ત્યાંથી હરી ગયા તેવા ખબર આવવા (ટેબલો)

પ્રવેશ ૪ થો—ઇંદ્રાવતીથી થયેલ પ્રથમ પ્રેમ મુલાકાતની મીઠી **ધ્વનીના આનંદમાં એકલો કલ્યાણ નોકરપદે** ઉતારી પાડવાની તથા ઇંદ્રાવતીનું લગ્ન કુલીનથી થવાનું નક્કી થઇ ગયું તેની અને ભીલસરદારો ઇંદ્રાવતીને હરીગયા તેવી ખબર વલભે આવી આપવા કલ્યાણનું દીલગીર બનવું એવામાં ઇંદ્રાવતી સાથે ભીલસરદારેનુ નીકળવું ભીલસાથ ઝપાઝપી કરી ઇંદ્રાવતી કલ્યાણે છેડવવી અને ભીલ સરદારોનું નાશી જવુ ઇંદ્રાવતીએ કલ્પાનનો આભાર માનવો ડાકણનું આવી આશીરવાદ આપી સબંધ આડે અનેક વિઘ્નનો આવશે તે સહન કરી સબંધ નિભાવવાનું સુચન આપવું વલભની વફાદારી પ્રગટ થવું...માનસિંહ ગંભીર કૂલીનએમ સી કૃષ્ણલાલ વગેરે સરવેનુ આવી પોહોચવુ ગંભીરે કલ્યાણનો આભાર માનવો કુલ્લને આભાર શાનો ખાઇ પી મોટો થયો એટલે આ કામ કરવામાં નવાઇ નથી એમ કહી તેના કરતવ્યને ઉતારી પાડવુ ને તેમાં માનસિંહ એમ. સી. ની સંમતી—ઇંદ્રાવતીએ તે સામે ગરમાં ગરમ પણ મર્યાદા વાણીમાં પ્રતીઉત્તર આપી કલ્યાણની નિરત્તતા વખાણવી આત્મ પ્રશંશા પ્રેમી જનોના મુખે સાંભળવાનું કલ્યાણને ના પસંદ કલ્યાણને ત્યાંથી જવાનો હુકમ તરતજ ડાકણે આવી કલ્યાણને ભલે તીરસ્કર્યો પણ તે ઇંદ્રાવતાને પરણશે એવું ભવિષ્ય ભાંખવુ કુલિનનો તે સામે અણગમો ડાકણની ચાલુ ઓલખ કૂલીનને તેથી શંકા ન આવિ તે ખાતર આખરે તે નિમીતનો દરબાર ભરી ચાલાકી કરી લગ્ન મુંહુર્ત જોવડાવવાનું નક્કી કરવું

પ્રવેશ ૫ મો—ઇંદ્રાવતી માટે શેવા શંધ્યાનું પાણી ભરવા સખીઓ સાથે ઇંદ્રાવતીની વફાદાર સહચરી અને કૃષ્ણલાલની પુત્રી સુશિલાનું નિકળવું, વલ્લભનો મિલાપ એકાંત જાણી ઘણા વખતની દબાઇ રહેલ આશા વલ્લભે સુશિલાને જાહેર કરી હાથ આપવા માગણી કરવી સુશિલાનો અસ્વિકાર છેવટ, રોકડા જવાબમાં બનેનું જુદુ પડવું-

પ્રવેશ ૬ ઠો—ચન્દ્રા નિમીતનો ભવ્યદરબાર મંગળ આનંદ નિમીતે દરબારની દાસી વર્ગનો ગરબો, ઇંદ્રાવતીનું આવી આનંદનું કારણ પુછવુ દાસીઓનો ખુલાસો, ઇંદ્રાવતીની અજાયબી અને તે મંગળ આનંદ માટે તિરસ્કાર માતાનું આવવું, ને સમજાવી શાન્ત કરવા, દાસી વર્ગ સહીત સહુનું જવુ બાદ કુલિનસિંહ ગંભિર માનસિંહ એમ૦ સી૦ કૃષ્ણલાલ રાજય ગોર વિગેરેનું આવવું, ચાંલ્લા સંબંધમાં પ્રથમ માન સિંહનુ ભાષણ કન્યાને ઓઢણી—(ચુંદડી) પહેરવા બોલાવવી સખી સાથે કંન્યાનું આવવું. બાદ એકાએક રૂદનું પ્રગટ થવું, રંગમાં ભંગ (ટેબલો)

પ્રવેશ ૭ મો—કિલાનજીકનુ કવર જંગલ

કલ્યાણની સાથે ખાનગી મુલાકાત લેવા માટે ઇંદ્રાવતીએ પીતા માતાની આ કિલ્લાનજીકના જંગલની દેવિની પુજા એ આવવાં મન્જુરી મેળવી આવવાની તઇયારી કરી છે અને તેથી કલ્યાણને અહીં હાજર રાખવા મને પ્રથમ મોકલી છે પણ શોધ કરતા કરતા અહી સુધી આવી તો પણ કલ્યાણનો પતો મળ્યોજ નહિં. તો કેમ કરવું એ વિચારમાં પ્રથમ સુશિલાનું આવવું, બાદ વલભનું આવવુ અને કલ્યાણ કયાં છે એવું વલભને પુછવુ, પ્રથમના રોકડા જવાબ બદલ સલામકરાવો, વલભે જવાબ આપવો ઇંદ્રાવતી કલ્યાણનાં લગ્ન કરાવવા અને તે આડે આપતાં વિઘ્નોમાં મદદ કરવા મકમ રહીશ તો તે બંનેનાં લગ્ન થઇ

ગયા બાદ વલ્લભથી પોતાનાં લગ્ન કરવાનું સુશિલાએ વલ્લભને વચન આપવું, બંનેનો વાણી વિલાસ, કલ્યાણને અહીં બોલાવી લાવવા સુશિલા એ વલ્લભને મોકલવો અને પોતે ઇંદ્રાવતીને લઇ આવવા જવું બાદ કુલીન ગંભિર અને માનસિંહનું ફરવા નિકળવું " પ્રથમ ગ્રાસે મક્ષીકા " એ અપશુકન સુચક ગણાય, એવું કહી ચાલ્યા કરતી વખતે રૂહે દીધેલા દેખાવથી શંકા કુલીનની તે શંકાનું સમાધાન કરવું, ને તમારી ઇંદ્રાવતી રાણી થઇ આ કીલ્લાની ધણીઆણી બનશે એના હર્ષમાં રૂહે દેખાવ દીધો. માનસિંહનું શિકારમાં આગળ વધવા જુદાં પડવું ને કુલિન ગંભિરનું કિલ્લા તરફ વળવુ વલ્લભના કહેવા પ્રમાણે કલ્યાણનું આવવું વેલડા માંથી ઉતરી ઇંદ્રાવતી સુશિલાનુ આવવું પહેરેગીરાને વેલડા સહી ૧ બાજુમાં રોકવા સુશિલાને મોકલવી કલ્યાણ ઇંદ્રાવતીનું મિલન, ચાલ્યા વખતે રૂહ આવે છતે ચરચાને શંકા ડાકણે આવી તે તમારા હિતાર્થનું છે એવી આગાહી બતાવી જવું, વખતો વખત ડાકણ આવી આપણને હીમત આપો આપણા વિચારને પુષ્ટી આપે છે તે શું એવી શંકામાં ઇંદ્રાવતી કલ્યાણે મન સમાધાન કરવું, સિંહને માર્યો પણ તે ઘાયલ બના છટકી ગયો, એમ બોલતાં માનસિંહનું પાછૂ વળી આવવું ઇંદ્રાવતી સાથે કુલ્યાણને જોઈ માનસિંહે મિજાજ ખોઇ બેસવો. કલ્યાણે ઉસ્કેરાવુ સુશિલાનું વેલવાળા ઉતાવળા કરે છે માટે જલદી ચાલો એવું બોલતાં આવવું ને માનસિંહને જોઇ અજાયબ બનીઉભી રહવું. માનસિંહ પ્રત્યે ક્રોધન કરવા ઇંદ્રાવતિનો કલ્યાણને આગ્રહને તે કલ્યાણે કબુલ કરવો. ઇંદ્રાવતીનું જવું, કલ્યાણને તિરસ્કાર વેણથી માનસિંહે નવા જવાની ઉદ્ધાર વૃતિ ચાલુ રાખવી. ઘવાયલા સિંહનું નિકળવું, માનસિંહપર સિંહનો હુમલો કલ્યાણે મદદ કરવી, મદદ કરતાં કલ્યાણના તરવાર નાસી જતાં સિંહના શિરમાં

ભાંગી જવી. મુઠનું પડી જવું ને કલ્યાણના હાથ લોહીવાળા થવા, કલ્યાણનું જવું સિંહના ગલબાથી મુર્છાવશ પડેલા માનસિંહનુ ઘાયલ સ્થીતીમાં જાગવું, ભીલ સરદાકનો ભેટો, અપમાનની યાદી, માનસિંહની કડકાઇ, માનસિંહ ભીલ સરદારનો કેદી (ટેબલો)

અંક ૨ જો

પ્રવેશ ૧ લો—રાવબહાદુર એમ૦ સી૦ ની બી૦ એ૦ થયેલી પુત્રી શાન્તિ પતિ મતિ વિરકત હોવાથી એકત્ર થવા અર્થે પરમાત્માની કૃપા માગે છે, અયાંનું આવવું આર્યાના સ્વાલના જવાબમાં સ્વામિ શેવાની મહત્તા સ્વામિ શેવા વગર સ્ત્રીઓના જીવનની સંસારમાં થતી સ્થીતી વીગેરેનુ વર્ણ ઉપરાંત સ્ત્રીધર્મનું રહસ્ય અને કેળવણી પણ સમજીને લઇ તેનો સદઉપયોગ શોછે તે સમજાવવૂં. વિજય શંકરનું આવવું વાણી વિલાસમાં પતિ શેવા મળવી ફેશન ડરેસ ચીરી નાખો ગરિબ પતિ તરફથી સદા પોશાકની ભેટનો સ્વીકાર બાદ વિજયનું માતા પિતાના શ્રાધ્ધ અર્થે ગયાજી જવું અને શાન્તિનું પીતાઘરે જવું.

પ્રવેશ ૨ જો—કલ્યાણનુ લોહીવાલા સાથે નિકળવું કૃષ્ણલાલનું મલવું કલ્યાણના લોહીવાળા હાથ જોઇ કૃષ્ણલાલે ખુલાસો પુછવો, જવાબ નહીં વાળતાં માત્ર માનસિંહ સહી સલામતે આવી ગયા ! એમ પુછી નિજ અવાસે કલ્યાણનું જવુ, બાદ કલ્યાણનું નામ કોતરેલી મુઠતરવારના કટકા સાર્થે લોહીવાળો થયેલી તે જંગલના ચોકીદારે લાવવી દરમિયાન કુલિન છાવણીમાં જવા કુલિન ગંભિર અને એમ૦ સી૦ વીગેરીનું નિકળવું. કૃષ્ણાએ બધીવાત અને મુઠ રજુ કરવી ખુલાસામાં પહેરેગીરોએ તરવારની મુઠ મળેલી તે જગ્યાએ ભયંકર કાવતરૂં થયું હોય તેવાં ચિન્હો હોવાનું

જણાવી લોહીનું ખાબો ચીયું ભર્યું છે તેમ કહેવુ, મુઢ કલ્યાણની,કલ્યાણ મન ભંગ થયો છે માનસિંહ હજુ પાછો ફર્યો નથી, કલ્યાણ લોહીવાળા હાથે ખુલાસો કર્યા વગર ભય યુક્ત ચાલ્યો ગયો વીગેરે બીનાં ભય ઉપજાવે તવીછે એમ કુલિને પ્રસંગ જોઇ ખુલ્લું બોલવું, ડોકટરી ડોળઘાલી લાગેલું લોહી માણસનુંજ છે એવું એમ૦ સી૦ એ મત આપી માનસિંહનું ખુન કલ્યાણેજ કર્યું હોય તેવી શંકા મુકવી. ગંભીરનું નહીં માનવું દરમિયાન માનસિંહની પાઘડી લોહીવાળી, કતરાનું ચિન્હ સુચવતી જગ્યોએથી મળી એમ કહી બીજા પહેરેગીરે આવી રજુ કરવી વાતનું સત્યરૂપ ગણી કલ્યાણને બોલાવવો કલ્યાણ વચે વાદ વિવાદ કલ્યાણપર ખુનનું આળ મુકવુ. કલ્યાણ કેદ,

પ્રવેશ ૩ જો—શાન્તિની દેવશેવા જન્માઅષ્ટમીનો ઉત્સવ ગ્રહસ્થની પણ સુધરેલી ફેશનમાં ફસી પડેલી યુવાન કન્યાઓની સાથે શાન્તિ કૃષ્ણ અવતારના ગરબા આનંદમાં વાણો વિલાસ -પરિણામે ફેશનથી થતી પાયમાલી કબુલ કરી શાન્તિના ઉદ્દેશ પ્રમાણે નમિશકે તેવો લીબાસ અને વર્તા રાખવાનું નક્કી કરી પ્રસાદ ચર્ણામૃત લઇ જવું છેલે એમ૦ સી૦ નું રતિ સાથે આવવુ વિજય ગરિબ ગામડીઆથી છુટા છેડા મેળવી શ્રીમત બેરિસ્ટરથી લગ્ન કરવાનું ઠમાણ પતિ અને સતિ ધર્મની મહતા છેવટે પુનર્લગ્નના કબુલ કરવાથી શાન્તિને ઘરમાંથી કાઢી મુકવી દેવશેવાનો પાટલો એમ૦ સી૦ એ બુટની ઠોકર મારી ઉરાડી મુકવો.

પ્રવેશ ૪ થો—ઇંદ્રાવતીનો અવાસ

કલ્યાણના હિતમાં અને પોતાની સૌભાગ્ય વૃદ્ધીના વિચારમાં ઇંદ્રાવતી સુશીલાએ આવી કલ્યાણ માનસિંહ ભાઇના ખુન કરી કેદ થયા તે ખબર આપસા પણ તે વાત ખોટી છે એટલે કે તમારો હાથ મેળવવા કુલિન એમ૦ સી૦ એ ઉત્પન્ન કરેલું કોભાંડ છેતેવી ખાત્રી આપવી કુલિન એમ૦

સી૦પરશ્રાપ ગંભીરનું આવવું પીતા પુત્રીવચે વાતચિત કુલિન ત્યાં આવેછે એવું જાણી ઇંદ્રાવતીનું જવું કલ્યાણના કામમાં અન્યાય ન થાય તેના માટે સરજનને અહી બોલાવ્યો છે એવી ડાહી કુલીને વાત કરવી લગ્ન માટે કદાચ માનસિંહના ખુનથી ઇંદ્રાવતી હાલ સામે થાય તો તેવી શંકા ભોળે ભાવે ગંભીરે ધરવી ઇંદ્રાવતીની સ્વતંત્ર મરજી જાણી લેવાના પોઇન્ટથી ત્યાં બોલાવે છે અને લખી લાવેલ ચીઠી ફકત ઇંદ્રાવતી આગળ રજુ કરી તેની સહી માગે છે ચીઠીની બીના કલ્યાણનાજનાં હીતની જાણી ઇંદ્રાવતી કબુલ કરે છે. ને તે માત્ર હકાર શબ્દજ બોજા બંધાનો ગોટાળો રાખી ગંભિરને સમજાવે છે. એમ૦ સી૦ સાથેજ હોય છે.

પ્રવેશ ૫ મો—રતીનો અંવાસ

રતિ સુધારાની અજબ ધુનમાં કૃષ્ણલાલનું મળવું બંને વચે પ્રેમ વિલાસ બાદ એમ૦ સી૦ નું આવી ઇંદ્રાવતીના લગ્ન કુલિનથી થશે અને તે બદલ પોતાને કુલિન તર્ફથી દિવાન પદની નવાજશ થશે તેવી ખુશાલી રજુ કરવી ખુશાલીના અંગે નાચ (નકલી ડાન્સ) નાચની છેલે નિશાના લીધે ગમે તેમ સર્વનુ બેભાન થઇ પડવુ વલભનુ આવવુ બી ત્સ પણું જોઇ વલભનો ગુસ્સો ગૃપમાં ફોટો પાડવો ચાબુકનો માર સર્વનું જાગવું વલભમાથે એમ૦ સી૦ નો ફોન્ગ ગ્રુપ ફોટો રજુ કરી પીતાને સત્ય ભાન કરાવવુ એમ૦ સી૦ ની અજ્ઞાનતાનો લય કૃષ્ણલાલનો નિચ આશય વલભના કહેવાથી શમજી ઘરમાં ન આવવા દેવાનો ઠરાવ અને રતિને તાકીદ.

પ્રવેશ ૬ ઠો—ભયંકર જેલમાં કુર વર્તણુકમાં કલ્યાણ કેદ

કલ્યાણ સાથે કુમેદની મુલાકાત ઇંદ્રવતીની ચીઠી બતાવી નાશી જવાનો ઉપદેશ આપવો ને તે ઇંદ્રાવતીના સુખ અર્થે કલ્યાણે કબુલ કર્યું.

પ્રવેશ ૭ મો કીલ્લા નજીકના જંગલનો રસ્તો

નવી માતાના બદલાની ચિનગારી પીતાની નજરે લગાડી અને **કલ્યાણને** નિરદોષિત કેમ કરાવવો તે વીચારમાં વલ્લભ, ડાકણનું નિકળી માનસિંહ ભીલ સરદારની ગુફામાં કેદ છે, એવો પતો આપી કલ્યાણને નિરદોશ બનાવવા માનસિંહને હરકોઈ પ્રયાસે ત્યાંથી કાડવી લાવવાની સલાહ આપવી ગુફામાં જવું એ ભય વલ્લભને થવો, ડાકણે કહ્યું કે ભય ના રાખ હું તને ત્યાં અવશ્ય મદદ કરીશ એમ વચન આપી જવું, બાદ નદીપરથી ન્હાઈ સુશિલાનું કપડાં ધોઈ નિકળવું. વલ્લભે તેણીનાં કપડાં માગી સ્ત્રીનો વેશ ધરવો. સુશિલાની મશ્કરીને તેનો અર્થ સુચક પ્રતિઉત્તર, વિજયનું આવવું. વિજયને શાંતિ ક્યાંમાંથી મારી નવી બાએ અને પીતાએ રજા આપી માટે તેની શોધમાં જવાનો આગ્રહ કરી પોતાના દોસ્તાર તરીકે લઈ ગુફા તરફ જવું, બાદ ભીલ સરદારના સિપાઈનું ભીલસરદાર ઇંદ્રાવતીનું હરણ કરવા ગયા છે તે વાત કરતા તેની રાહ જોતા ઉભા રેહવું, પછવાડે વાર ચડે તો ઝપાઝપી કરવા નિશાન જવું, કલ્યાણનું નીકળવું, રૂપે આવી અટકાવવો, રૂપાથી મનાઈ છાકમાં કલ્યાણનું મુર્છાવશ થઈ પડવું બાદ ઇંદ્રાવતીને લઈ ભીલ સરદારનું નિકળવું ઇંદ્રાવતીપર બળાત્કારનું મદદ માટે ઇંદ્રાવતીને પોકાર કલ્યાણનું જાગી આવવું ભીલ સરદારોથી કલ્યાણની લડાઈ, કલ્યાણ ઘાયલ, ઇંદ્રાવતી બેભાન, પાછળથી મદદનું આવવું.

અંક ૩ જો

પ્રવેશ ૧ લો—કેદ રૂમમાં કલ્યાણ માંદગીના બીછાને

કલ્યાણ ભયંકર વેદનાની બેભાનીમાં પહેરેગીરના વેશે ઇંદ્રાવતીનું

આવવું, ચીઠીનો ભેદ ખુલ્લો ઇંદ્રાવતીનું હીમત આપી જવું બાદ કુલિનનું આવવું, ફરી નાશી જવા કુલિન તથા એમ૦ સી૦ નું કલ્યાણને સમજાવવું કલ્યાણ કુલિન વચે ચકમક વાતમાં ઇંદ્રાવતી મલ્યાનો શક એટલે ઇંદ્રાવતીને મનાવવા માટે જનાના નીરાણી છાવણીમાં ઇંદ્રાવતીને અમુક વૃત ઉજવવાના આનંદમાં બોલાવે છે તો મોકલો એમ ગભિરસિંહને સમજાવી છાવણીમાં લાવવા એમ૦ સી૦ ને ભલામણ કરી મોકલવો સખતાઇ અને ઘાતકી રીતે કલ્યાણની સાથે વર્તવા પહેરેગીરને કુલિને હુકમ આપી જવું,

પ્રવેશ ૨ જો—

એમ૦ સી૦ એ કૃસનલાલથી ન મલવાની મના કરી તે શ્યા હિસાબની એમ કહી રતિ સુધારાના અને સ્વતંત્રતાના ઘખારામાં, છુપી રીતે કુષ્ણલાલનુ મળવું બનેનો પ્રેમ ચી૦ અમથાનું આવવુ, અમથાનું ખુન એમ૦ સી૦ નું ગંભીરને ઇદ્રાવતીને છાવણીમાં વૃત ઉજવવાના આનંદમાં ભાગ લેવા રાણી પાસે મોકલવાની વરધી આપી આવવું કુષ્નાને રતિ સાથમાં જોઇ ગુસ્સે થવું, અમથાનું ખુન થએલું જાણી એમ૦ સી૦ નું ઉસ્કેરાઈ જવું એમ૦ સી૦ ને કુંદીપાક, ગાંઠડીબાંધી ગટરમાં ફેકી દેવાનો સંકેત અને વગર સમજથી સુધારાની સ્વતંત્રતા અને છુટ આપવાનું ફળ રતિ કુષ્ના ઘરમાં,

પ્રવેશ ૩ જો—નદીપરની છાવણીમા પોતે પહેરેજ કપટથી,થઇ તે વિચારમાં ઇંદ્રાવતી કુલિનનુ આવવુ ત્રાસ આપી પોતાની થવા મનાવવી ઇંદ્રાવતીનો ધીકાર, સખતાઇ કરી વિચાર કરવાની મહેતલ આપી કુલિનનું અમુક મીનીટ સુધી જવુ રાણીનું આવવું ઇંદ્રાવતીયે દયા માગવી પતિ કાર્ય માટે રાણીનો ધિકાર શોકયનું સાલ નવધારવા ઇંદ્રાવતીને છુટી કરવી, ઇદ્રાવતીએ ઉપકારમાંના વચન આપી જવું વચન માટે રાણીને હાસ્ય થવું કુલિનનું આવવા ઇંદ્રાવતીની ગેર હાજરી જોઇ

ગુસ્સે થવુ, પહેરેગીરને ધમકી અને ખુન, રાણીનુ આવવું, રાણીપર ગુસ્સો રાણીનો રોકડો પણ નિતીનું ભાન કરાવનારો જવાબ, પરનારીપર ગુજાન કરવા રાણીનું કહેવું રાણીનું ખુંન કરવા ઉશકેરાવું, કૃષ્ણાએ નચમાં આવી કુલિનને ન્યાય સભામાં બોલાવીજવા,

પ્રવેશ ૪ થો—

રતિ સ્વતંત્ર, કૃષ્ણાનું આવવું, સ્વતંત્ર ન થવા કૃષ્ણાનું દબાણ, રતિનો તિરસ્કાર એટલે નાકકાપી રતિને ઘરમાંથી રજા આપવી,

પ્રવેશ ૫ મો—ગેબી અને અંધકાર જગ્યામાં ભીલ સરદારની નદી કીનારાપરની પરવતમાં કોતરી કાઢેલી ગેબી ગુફા,

પીતાના ઘરથી તજાયલી અને પતિની શોધમાં ભટકતી શાન્તિનું પ્રભુલાં પડી આવી ચડવુ. ડાકણે આવી આશ્વાસન આપવું, ભીખારી દશામ ભંગીની મદદથી ગટરના ધોધમાં તણાઇ જતાં એમ૦ સી૦ નું બચી જઈ ભીખની કાચલી હાથમાં લઇ નીકળવું, અણ સમજ માટે પસ્તાવા પાણી પીવા નદી કીનારે જવું, સર્પ ડંશથી મૃત્યુ, શાંતિની દયા ડાકણના કહેવાથી પીતાને ઓળખી દીલગીર થવું, સજીવન કરવા ડાકણને વીનતી ઉદરમાં સતિના હાથનું પાણી મુખમાં રેડાયતો સજીવન થાયને જેર ઉતરે એમ ડાકણનું કહેવું. સતિના હાથના પાણી માટે ચિન્તા, ડાકણના કહેવાથી શાન્તિએ પાણી મુખમાં આપવું, એમ૦ સી નું સજીવન થવું પુનલગ્ન કરવાં શુધ્ધ એક પતિવૃત પાળનાર સતિની મહતા, પીતાની માફી ના કહી કે! લણી થયેલ રતિનું નિકળવું. મરણ તૈયારીમાં રતિ, યમ દુતેનો ત્રાસ રતિ એ પોકારી દયા માટે વિનંતી કરવી, પતિ સતાવનારી સ્ત્રીને માફી ન મળે તેવો યમ દુતોએ જવાબ દેવો, પોતાના કર્યનો પસ્તાવો રીબાતી જોઈ એમ સી૦ ની દયા રતિને ઓળખવી કરેલ અપરાધની એમ૦ સી૦ એ માફી આપવી યમ દુતો બદલે દેવ દુતનાં દર્શન પતિ મહતા અને રતિનો મોક્ષ

બાદ નાયકા રૂપમાં વલ્લભ અને ઉસ્તાદ રૂપમાં વિજયનું આવી મળવું, સર્વે ચેડ કણના કહેવાથી ઘેર જવું વલ્લભ વિજયે ત્યાં કંઇ ધારેલું કામ પાર પડવા સ્વગત સંતાઇ રેહવું, બાદ રૂકામાંથી ભીલસરદારોનું નિકળી મીજલસમાં બેશી દારૂપાન કરવું. વલ્લભ વિજયનું જવું. નાચ નાચના અને દારૂના નિશામાં ભીલ ટોળુ બેભાન ગુફા અંદ થી માનસિંહને છેડવી નાશી જવું ભીલનું સાવધ થઇ પાછળ પડવું

પ્રવેશ ૬ ઠો—

કલ્યાણને ફાંસી થશે તેના અફસોસમાં ગંભીર ઇંદ્રવતીએ આવી કુલિનની વિચાર કહેવો, કુલિન કરવાને જે કલ્યાણ નિર્દોશ છતાં માર્યો જાય છે માટે તેનો બચાવ કરવા ગંભીરને આગ્રહ કૃષ્ણલાલ સાથે કુલિનનું આવવું ઇંદ્રવતીનું સ્વગત અંદર જવું, ઇંદ્રવતી સ્ત્રીઓનાં લગ્ન માટે બહુ પંચ કરે છે માટે તેનો ફેંસલો કરવા ગંભીરે ખુલ્લું જણાવવું, કૃષ્ણલાલ એક વિદ્વેષ સાચો જાય તો દયા આવી, જગતની તકરારો કરવી હવે નાક કાપો છે તે ઠીક નહીં; કુલિનને ગંભીરને ધમકાવો કૃષ્ણલાલનો ટેકે ગંભીરે સહન કરવું, ફાંસીને લશ્કરે જવા પહેરેગીર સાથે કલ્યાણનું નકળવું, ગંભીરથી મળવું. ગંભીર કલ્યાણ વચ્ચે માયળુ વાત ચીત, કુલિને વચ્ચે ઝાલાવવું, કુલિન કલ્યાણ, ગંભીર વચ્ચે ચકમક, કુલિનનો કાપ ગંભીરે ઉશ્કેરાઇ જવું કલ્યાણે ક્ષત્રિ વિરત્વના પ્રગટ કરવી ગંભીર કેદ બંનેને ફાંસી પર લટકાવવા લઇ જવા હુકમ ને બંડ થાય તો લશ્કર તૈયાર કરવા જવું બાદ ઇંદ્રવતીનું આવી ગભરાવું રૂદનો દેખાવ શાન્તિ આપી લગ્ન કરવા ઇંદ્રાવતીને કહે ઉશ્કેરાણ ને છેલે જય કરવાનું વચન આપી રૂદનુ જવું લડાઇના તઇયારીમાં ઇંદ્રાવતીનું જવું,

પ્રવેશ ૭ મો—કુમેદની છાવણી નજીક નદી કાંઠાપર સ્પેશીયલ મોકલેલી ફાંસી

ફાંસીના બન્ને માંચડા સમક્ષ કલ્યાણ તથા ગંભીર કેદી દશામાં, કુલિન જેવા મલિન આશ્રય દેનારને ગંભીરે ફીટકાર દેવો, ખુશીથી ફાંસીપર લટકી જવા બન્ને મક્કમ, વલ્લભ, માનસિંહ, અને વિજયનું, ડાકણ સહીત આવવું પીતાને ફાંસીપર જોઈ માનસિંહનું ઉશ્કેરાવું, માનસિંહને પણ લટકાવવા કુલિનનો ક્રોધી હુકમ ભયંકર લડાઇ, કુલિનને ભીલ સરદારોની મદદ, ઇંદ્રાવતિ, સુશિલાનું પુરૂષ વેશમાં લશ્કર લઇ આવી પહોંચવું. લડાઇના પરિણામે કલ્યાણના હાથે ભિલ સરદારોનાં મરણ અને ઇંદ્રાવતીના પંજામાં કુલિન ઇંદ્રાવતીનો ઓળખ, રાણીનું આવી સૈભાગ્ય માગવું, કુલિનને જોડા દેવો, કુલિનના હાથે કૃષ્ણલાલ રાણીનાં ખુનને પોતાને હાથે પોતાનો આપઘાત તાવિત અંદરની [illegible]તક પત્રીકાનું અવલોકન, ડાકણની વફાદારી પ્રગટ થવી, રૂહેનું પ્રગટ થઇ ખુલાસો કરવો, કલ્યાણસિંહને રાજ્યાભિષેક, રૂહ સાનિધ્યમાં ઇંદ્રાવતીના કલ્યાણસિંહ સાથે અને વલ્લભનો સુશિલા સાથે હસ્તમિલાપ થવો, આશિર્વાદ આપી રૂહનું મોક્ષ જવું, સત્યનો જય, સર્વનો આનંદ, અસ્તુ:

ઇંદ્રાવતી નાટકનાં ગાયનો

અંક ૧ લો.

"ઇશ્વર સ્તુતિ"

બાળા.— વિનવું વિ વિશ્વના વિહારી,
માગું છું સહાય મેરારી ટેક
શકિત છે ના લેશ મતિમાં, પ્રવિણ નહીં કઇ ગુણ ગતિમાં;
કાર્ય કરૂં તવ નામ સ્મરી, શુભ કરી યશ હે સહુ વિઘ્નહરી
કુમતિ કાપી–ચિત્ત સુમતિ સ્થાપી
ભારત જયકર ભવ ભય હારી વિનુ
૧

ઇંદ્રાવતી }
કલ્યાણ }

સ્વિકારીલ્યો શામળિયા, બાળા ગભરાય છે,
પ્રેમાળુઓ પાતળિયા, હવે દર્દ થાય છે. ટેક
કર્યો પ્રેમ કેડિલા પ્રિતે. સમજી લ્યો સુભ સ્યાણા ચિત્ત
વેળા વિતી જાય છે સ્વિ,
નિર્મળ નેહ નિરે નવરાવી, સ્નેહ સુધા પ્રેમે પીવરાવી,
હિતા હિતનું ભાન કરાવી. સંઘાતી કરતાં નિરદય કેમ
ગભરાશો ના ગુણવંત ગોરી. થવાય છે સ્વિ,
જુવતી છો મમ જીવન દોરી
સાન ભાન લીધું સહુ ચોરી બાળા ગભરાય છે સ્વિ.

વારાંગનાઓ —

૨

મેઘરવા છાઇ રહયો ઘન ઘોર,
બિજલી ચમક કછુ ઓર—ટેક
દાદુર બોલે, બપૈયા બોલે,
કરી કેઠાંવ નાચે મોર, મેઘરવા.
પ્રાન પ્રિયા પરદેશ સિધારે,
કૈસે રહે ચિત ઠોર મેઘરવા.
અંગ અનંગ મદન અકલાવે,
જોબન બતલાવે જોર મેઘરવા,

૩

કલયાણ—

વશકરી લીધું તનમન તરૂણીએ,
નવિન નખરાંથી નવલ નમણીએ, ટેક

લટકતી લટ લલનાં વેણીનીશી.
વિલોકી ભાલ તણી ભવ્યતા શી.
સુંદીર ચક્ષુતાની પલક શી,
વાણી અમૃત લ્હાણી સમી શી,
વિનય વલ્લીકા સદ્દગુણ ભુષિત,
તિલોવમાથી અધિક અલૌકક,
અભાગી અંતરની એ આરામ,
દુ:ખ સંસાર મહીં સુખધામ,
પ્રમાણું મનથી પદમણિએ, વશ કરી

સુશિલા૦

૪

ચાલો, સખી પનઘટ પર પાણી ભરવા,
પનઘટ પર પાણી ભરવા, લઈ ગાગરવા, ટેક
સંભાળજો સજની, બેડલા કગનવએ ટે.
બેડુ જેનું ભે ટે તેનું, ગૈરત રજમાંલોટે,
જે સુભાગી હોય તે અભેટ બેડું રાખે, ચ.લો

વલ્લભ }
સુશિલા }

૫

જા, અનાડી મળશેન પ્રેમ ભિખ્યાથી આમ. (૨)
ભિખ્યાથી આમ, મુક હૈયાની હામ, ટેક
બગકે બગીચામાં પ્રેમ કદી ના ફળે,
હટે વટે કે દેશ પરદેશે ના મળે,
ઝરણાંથી નવઝરે, વૃષ્ઠિ કોઇ નવકરે
લ્હાણી નવ થાય શુધ્ધ ચિત્તે પરખાય- જા,

સુશિલા }
વલ્લભ }

૬

છોડો છેડો છબિલા છેલ કેમ શું કરો,
અલબેલી નવેલી આમ શિદને હરો ટેક,
મુકીદયો માન હવે, ઘેલું તું શું લવે,
રસિકોને કરે રવે, (૨)
હેતાની હવે રાખો, દારા દિલ ઉંરમી દાખો.
લ્યો ચાખે (લપટ મારે છે,)
(વાહરે મિઠા મટુક મેવા લ્હાહ,) છોડો,

ખવાસણો—

૭

મંગળમય શુભ અવસર રૂડો, આજ અમારે આંગણીયે.
સહુ જનનાં મનરંજન દિસે, હોંશે હર્ષ હિંચોળે હિચે,
દેવિ પ્રભાછત્રરાણી, નજાય વખાણી,
બા, ઇંદ્રાવતી બનશે રાણી; નૃપકુલિન સુભાગ્ય
તણા ગુણુ ગણીયે ... ... આજ

સુશિલા—

૮

તરણાંનુ પણ કામ જગતમાં, તું માખી નવ થાશો,
તોર થકી તરછોડી દેતાં, જોડા અંતે ખાશો ... ટેક
ગરિબી અમિરી, ખામિરી ગરિબી,
જળ સ્થળ સ્થળ જળ, ઉદય અસ્તમાં
એકરૂપ નવકો રહેતુ.,—
આજરાંકતે કાલ બને નૃપ
વેદ શાસ્ત્ર ગાતું,—
રાખીં એ ધ્યાન સતત સહુ વિનય વાટ જાશો ... તરણાં

ઇંદ્રાવતી—

૯

જગત ઝવેરી માનવમોતિ આંક નકી અંકાશે,
મથે મતા મતમાં મુરખાપણ સત્યા સત્ય પરખાશે,
સ્નેહીની સુખહિન સમયમાં, તરૂણીની તનહા સ્થીતિમાં,
સુર કાયર નીતો સમરમાં,
એમ જાત કજાત તણી પણુ અંતે આપો આપે ઓળખ
થાશે—જગત

અંક ૨ જો

શાન્તિ ૧૦

મોહનજીની મિઠી નજર વિણુ નારી જીવન નકામું રે,
સ્વામિ સ્નેહ સ્વે પામું રે ... ... ટેક,
વલભ શેવામાં વઇભવ સઘળાછે,
ગમે તેવો પણુ અંતે સુખકરછે,
મળે મન ટળે ત્રય તાપ, વિરામું મોહનજી

શાન્તિ૦ }
વિજય૦ } ૧૧

સ્વામિ શેવાને પામિ, સુખમાં જામિ, વામિ વિપતીતમામ,
અળગી નવ અંતરથી કરશો (૨)
છો શ્યામા તું સુખનું ધામ ... સ્વામિ,
કાચ મહી જેમ વહીંરગ રહે,
પુષ્પ મહીં જેમ અરગ રહે,
તેમ સ્વર્ગ પ્રીતમ પદમાં (૨) ... ... સ્વામિ

શાન્તિ૦ }
સખીઓ૦ } ૧૨

શ્રીકૃષ્નચંદ્ર, સુખકંદ, અવદ્ધિ આનંદ,
આજ અવતર્યારે લોલ ... ટેક,
પુર્ણ પાપીના કાળ, ગુગુગે વિંદ ગોપાળ,
લાલ અવતર્યારે લોલ ... શ્રી,

સાખી

દેવ દુંદુભિ વાજ્યાં. વરસ્યાં સુમન અથાગ,
વ્યાપિ શાન્તિ વિશ્વમાં, વૃજમાને સદભાગ્ય,
આવો, ગાવો, ને લ્હાવો, લાખેણો લીજીયે,
ભજનાંમૃત પાઇ, પછી ભાવેથી પીજીયે,
જનમ સુફળ કિજીયે (૨) ટળે ભવફંદ ... શ્રી

ઇંદ્રાવતી૦

૧૩

અસાર આ સંસાર મહીં હું અબળાનું કલ્યાણ
ખરેખરે કલ્યાણને જાણું,
કલ્યાણપરે સુખ ક્રોડ વારૂં-મુજ રંકનું એ નાણું—ટેક,
રૂપગુણ વય વિનય વિદ્યામાં, ન આવે કો એની તોલે,
મર્યાદા સાગર-શુભ મતિ નાગર, સહ્ય શર્મના ખોલે.
વિઘ્નો તેનાં અનેક હરવા શિર મ્હારૂં આપું—
સંસાર તાપથી એ સુકાયેતો, કુંણાં નિજ કાળજ
નિચોવીને-નિશદિન તેનેહુ રસભિનો રાખું—
મળ્યો એ સ્વામિ તે પ્રભુ, રહેમ પ્રમાણું—ક૦

રતિ—
કૃષ્ણાલાલ—

૧૪

રંગભિના રસિયાજી-અમને અધિક શું અકળાવો.
પ્રેમ પીયાલા પી-પીવરાવો, નાહક ના તરસાવો—ટેક
બાંધી મોહ પાસ બંધનથી-નિર્દયતા નગીના શું રાખો,
અલબેલાં ઘેલાં કાઢી શું, અધિર પણું અમથું દાખો.
વ્હાર કરો ન વ્હાલા વિલાસી, અધરામૃત ચોખો;
હાંહાં કોઇ જોશે-(જોશેતો કપાળકુટી રોશે)
હવેના બનાવો ... ... રંગ

કલ્યાણ— ૧૫

કૃપાઘન કેશવ કર કરૂણા
આ દુઃખ નથી સ્હેવાતું,
નથી સ્હે વાતું; નથી કહેવાતું; પલ પલ વધતું જાતું ટેક
કોના પ્રયાસે, સ્યા અપરાધે, આવ્યું મુજ શિર
આમ અચાનકતે કાંઇનથી સમજાતું ... ... આ,
માત પીતાહીન,સ્નેહી સખાહીન નાત ભાતની ઓળખહિન,
આપ સતાહીન છું અટુલો અનાથ સંસારે;—
હું પામરની પીડ પીછાણી ગરિબ નિવાજ ધાવો ને વારે —
નિચ પ્રયાસે ન્યાય મંદિરે નહીં અન્યાય થાશે,
નિર્દોશીને દિન બાળકનો જીવ ફાંશી પરજાશે,

સાખી

જેનું જગમાં કોનહીં; તેના છો આધાર,
સુણી આરત વાણી પ્રભુ વ્હેલી કરજો વાર ... આ,

સુશિલા—
વલભ— ૧૬

વરના બદલે વહુજી બનીયાં, જુવો વલભ વ્હાલા,
સમજો છો ને શીદ બનાવો, રમણી કોમળ બાળા ... ટેક
સાડી શિરપર ઓઢી સુંદર,
નર થ્યા નારી સહુનાં મનહર,
વાહ નખરાલી, વાહ ઠમકાળી
હા, સુશિલા સમજું છું. (૨)

મિત્ર કલ્યાણુ તણું દુ:ખ હરવા,
તમતસમ સુંદરી સ્નેહે વરવા,
ધર્યો છે વેશ; દિસેછે બેશ, નથી લવલેશ;
ખામિ ખાન્તીલા ... વરના,

અંક ૩ જો

રતિ૦

૧૭

જોમનીયું કાલજાતું રહેશે (૨)
જોબનીયાંને મીઠું મીઠું ખવરાંવો ... ટેક
જાશે પછી પાછું નવ આવે; એ નિશ્ચયેમાનો,
છેત્યાં માંણી લ્યો મનગમતું,
નહી તો; પસ્તાવો રહેશે;
શરમ ધરમનો ડર ધરશે તે અધર લટકી રહેશે ... જો,

ખેમ૦ સી૦ }
રતિ૦ }
કૃષ્ણાલાલ૦ }

૧૮

ખુમારીન રાખ ખાલી, જાણ્યું બધુ જોર ત્હારૂં
ઝંઝેડીશ ઝટીયાં ઝાલી, નિકંદન કાઢ્યું મ્હારૂં—ટેક
જેવો આવ્યો તેવો જાને, મુગે મોઢે બેલ મોટા
(ખરૂં કહે છે જીવ લઇને જા, (નહીતો) ગુંદિપાકખા)
બસ બસ શું : મને દબાવો, ખેડ્ડી બેલ ખોટા,
(એમ) (હા.)
દાબીશ બનેના ગરગોટા, તો લે તોજા લંગોટા—ખુ;

ઇંદ્રાવતી— ૧૯

શિદને વલખાં મારે મુરખ મન. સંસારે છે સુખકોને,
જોગી ભોગી માનવ, દાનવ સંસારે છે સુખકોને—ટેક,
શ્રીપતિ પોઢે સર્પ પથારી,
ઓઢે ઉમાપતિ ખાલ અકારી, ... સંસારે,
સુખમાનોતો સુખ છે, દુઃખ જો માનો તો દુઃખ છે,
સુખ દુઃખ મનનું કારણુ છે એ ભેદ વેદ ઉચારે—સંસારે

ડાકણુ— ૨૦

સંસાર સંભૂ મેળો, ભેળો રહેન જાણો, (૨)
લેણુ દેણુથી આવી મળતાં, સગાં સબંધી સ્નેહીજન સહુ,
પુરી થયે પલવાર ન થેભે, જાય જરૂર જુજવાં થઈને બહુ,
એવાં છે પ્રમાણો ... ... સંસાર,
જનારાંને જે છે રોનારાં
તે રોનારાં છે નહીં રહેનારાં
તો રોવું કોને ઃ એ મર્મ પીછાંણો—સંસાર,

સરવે— ૨૧

સત્યનો આખર જય જય થાશે
અનિતી અંતે પછડાશે—ટેક
સમજી શાન્ત બની સહુ સજન
સત્યની રાહે ચાલો,
આવે આધિ વ્યાધિ અવસર
વગર કસુરે જો કંઇ શિરપર તે સહો (૨)
પ્રં ચ વાદળ વિખરાશેને સુખ; સુર્ય ઉદય થાશે—સત્ય
